بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

સારાંશ ખુત્બા જુમ્મા સૈય્યદના હઝરત અકદસ અમિરૂલ મોમિનીન ખલીફતુલ મસીહ અલ ખામિસ ઐય્યદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ,તા.-05-08-2016 સ્થળ: મસ્જીદ બૈતુલ ફુતુહ લંડન.

**અલ્લાહ તઆલાના ફઝલથી દુનિયાના પ્રત્યેક દેશોમાં જમાઅતના લોકોનો આ સ્વભાવ બની ગયો છે કે જમાઅતના પ્રત્યેક વર્ગ અને પ્રત્યેક આયુના લોકોએ જલ્સા સાલાનાના મહેમાનોની સેવા કરવી છે.આ તે સ્વભાવ છે જે અલ્લાહ તઆલાની કૃપાથી દુનિયાના પ્રત્યેક દેશમાં રહેનાર અહેમદીનો છે ચાહે તે આફ્રિકાન છે અથવા ઇન્ડોનેશિયન છે અથવા જઝાયરનો રહેનાર છે અથવા પશ્ચિમના ઉન્નતિ દેશનો રહેનાર છે.**

તશહુદ તઆઉઝ તથા સુરઃ ફાતેહાની તિલાવત બાદ હુઝુર અનવર ઐય્યદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ એ ફરમાવ્યું :

ઇન્શાઅલ્લાહ આવતાં જમ્માથી બર્તાનિયાનો જલ્સા સાલાના શરૂ થઇ રહ્યો છે અલ્લાહ તઆલાના ફઝલથી જલ્સા સાલાનામાં ભાગ લેવા માટે દુનિયાના વિભિન્ન દેશોથી મહેમાનોનું આગમન શરૂ થઇ ગયું છે. અલ્લાહ તઆલા જલ્સા સાલાનાની વ્યવસ્થા કર્તાઓને જલ્સામાં આવનાર મહેમાનો, ચાહે તે દુનિયાના વિભિન્ન દેશોથી આવનાર છે અથવા બર્તાનિયાના વિભિન્ન ક્ષેત્રોથી આવનાર છે તેમની સુંદર રીતે સેવા કરવાની તૌફીક આપે. અલ્લાહ તઆલાના ફઝલથી જલ્સામાં આવનાર મહેમાનોની સેવા માટે બર્તાનિયાની ચારેય બાજુ થી વૃધ્ધ, નવજુવાન,બાળકો, મહિલાઓ પોતાને સ્વયં સેવકના રૂપમાં પેશ કરે છે અને જેમ જેમ શામેલ થનારની સંખ્યામાં વૃદ્ધિ થઇ રહી છે, જલ્સાની વ્યવસ્થા વધી રહી છે સેવકોની પણ અધિક આવશ્યકતા હોય છે અને અલ્લાહ તઆલાની કૃપાથી કોઇ પણ તકલીફ વગર તથા ખુશીથી બાળકો પણ યુવકો પણ સ્ત્રીઓ પણ પોતાને સેવા માટે પેશ કરે છે તથા અધિકતર યુવક અને બાળકો આ સેવા કરીને સમજે છે કે આ અલ્લાહ તઆલાનો ફઝલ અને અહેસાન છે કે તેણે અમોને હઝરત મસીહ મૌઉદ અ.સ.ના મહેમાનોની સેવા કરવાની તૌફીક આપી અને અલ્લાહ તઆલાના ફઝલથી દુનિયાના પ્રત્યેક દેશોમાં જમાઅતના લોકોનો આ સ્વભાવ બની ગયો છે કે જમાઅતના પ્રત્યેક વર્ગ અને પ્રત્યેક આયુના લોકોએ જલ્સા સાલાનાના મહેમાનોની સેવા કરવી છે.

આ તે સ્વભાવ છે જે અલ્લાહ તઆલાની કૃપાથી દુનિયાના પ્રત્યેક દેશમાં રહેનાર અહેમદીનો છે ચાહે તે આફ્રિકાન છે અથવા ઇન્ડોનેશિયન છે અથવા જઝાયરનો રહેનાર છે અથવા પશ્ચિમના ઉન્નતિ દેશનો રહેનાર છે. જ્યારે દુનિયાની પ્રાથમિકતાઓ સ્કૂલો, કોલેજોમાં રજાઓના ચાલતાં ખેલ કૂદ કરવું તથા ફરવું છે, જ્યારે દુનિયાની નોકરીઓ કરનારની પ્રાથમિકતાઓ નોકરીઓથી રજા મળતાં આરામ કરવું તથા પરિવાર સાથે રજા વિતાવવી છે, તે સમયે એક અહેમદીની પ્રાથમિકતાઓ અનેક છે જો એ રજાઓમાં જલ્સા સાલાના આવી રહ્યો છે તો એ દિવસોમાં શિક્ષિત લોકો પણ અને અભણ પણ અને અફસર પણ અને આધીન પણ, નિપુણ વ્યવસાઇ પણ અને સાધારણ મજુર પણ તથા વિધાર્થી પણ પોતાને સ્વયં સેવાની ભાવનાથી હઝરત મસીહ મૌઉદ અ.સ.ના મહેમાનોની સેવા માટે પેશ કરે છે.

ઘણી વાર કેટલાક લોકોની સેવા ભાવના નિ:સંદેહ અત્યાધિક હોય છે પરંતુ સ્વભાવ પ્રત્યેકનો પોતાનો છે કેટલાક સાહસની દુર્બળતાના શિકાર હોય છે કેટલાક જાણકારીના અભાવના કારણે અમુક એવી વાતો કહી જાય છે અથવા તેમનાથી એવી વાતો થઇ જાય છે જે મહેમાનો માટે તકલીફનું કારણ બની જાય છે અને યાદ અપાવવાથી સ્વેચ્છાથી કામ કરનાર કાર્યકર્તા સાવધાન પણ થઇ જાય છે અને અધિક ધ્યાન પૂર્વક પોતાનું દાયિત્વોનું નિર્વાહ કરવાનો પ્રયત્ન કરે છે યાદ અપાવવુ અને સાવધાન કરાવુ પણ અલ્લાહ તઆલાનો આદેશ છે. માટે હું પ્રત્યેક વર્ષ

જલ્સા સાલાનાના એક જુમ્મા પહેલાં આ તરફ ધ્યાન અપાવું છું. ખુરાન શરીફમાં પણ અલ્લાહ તઆલાએ અતિથિઓના વર્ણનમાં હઝરત ઇબ્રાહીમ અ.સ.ની મેજબાની નું વર્ણન કરીને મહેમાન નવાઝીનું મહત્ત્વ જણાવ્યું છે અને આંહઝરત સ.અ.વ.એ પણ વિભિન્ન અવસરો પર મહેમાન નવાઝીની મહત્તા અને તેના લક્ષણોને બયાન ફરમાવ્યું છે . આ યુગમાં આપણને હઝરત મસીહ મૌઉદ અ.સ.એ પણ આ તરફ ખાસ ધ્યાન અપાવ્યું છે બલ્કે આપની નિયુકિતના હેતુમાંથી એક હેતુ દીન માટે યાત્રા કરનાર અતિથિઓની મહેમાન નવાઝી પણ નિશ્ચિત કર્યો છે. આજે દુનિયાના ખુણે ખુણાંમાં જલ્સાના આ આયોજન, આ દૃશ્યો દેખાડે છે કે લોકો અધિક માત્રામાં આવે છે તથા સારૂ અને શારીરિક ભોજન પ્રાપ્ત કરે છે અને અહીયા ખલીફા એ વકતની ઉપસ્થિતિમાં બર્તાનિયામાં આ માટે દુનિયાના ખુણે ખુણાથી અતિથિ આવે છે અને માત્ર એટલે કે દીનનું જ્ઞાન પ્રાપ્ત કરેં તથા પોતાની રૂહાની પ્યાસ ઓલાવે. આજે હઝરત મસીહ મૌઉદ અ.સ.ના ગુલામ, અલ્લાહ તઆલાના આદેશ અનુસાર નિ:સ્વાર્થ અને વિના કોઇ લાભ તથા વિના થાકયે આ મહેમાનોની સેવા કરી રહ્યા છે અને જો આપણું કર્તવ્ય છે કે તે મહેમાનોની સેવા કરે અને જલ્સાની વ્યવસ્થાને સુંદર રૂપમાં સંપન્ન કરવાનો પ્રયાસ કરે. જલ્સામાં ગૈર અહેમદી તથા ગૈર મુસ્લિમ પણ આવે છે તથા હંમેશા કાર્યકર્તાઓના કામથી પ્રભાવિત થાય છે અને આ વાત પર આશ્ચર્ય ચકિત થાય છે કે કઇ રીતે નાના નાના બાળકો પોતાનું દાયિત્વનું નિર્વાહ કરી રહ્યા છે તેમની લગાવેલ ડયૂટીને પુરી કરે છે તથા ખુબ ઉત્સાહ પૂર્વક પુરી કરે છે.

પાછલાં વર્ષે એક મહેમાન યુગાન્ડાથી આવ્યા હતા જે ત્યાંના મંત્રી પણ છે કહેવા લાગ્યા કે હું મહેમાન નવાઝી અને વ્યવસ્થા જોઇને ચકિત થઇ ગયો કે કઇ રીતે લોકો સ્વયં સેવાના રૂપમાં એટલું બલિદાન આપી રહ્યા છે કહેવા લાગ્યા કે મેં વિચાર્યુ પણ ન હતુ કે હું એક એવા જલ્સામાં સામેલ થવા માટે જઇ રહ્યો છું જ્યાં ઇન્સાન નહી ફરિશ્તા કામ કરતાં દેખાશે. કહે છે કે વીસ વાર પણ કોઇ વસ્તું માંગી હશે તો પણ હંસતા મુખે પેશ કરતાં હતા. તેમના લોકો આ વાતને વ્યકત કરતા હતા કે બાળકો ભોજનની ડયૂટી પર ભોજન કરાવી રહ્યા હતા તો અત્યાધિક ઉત્સાહ સાથે, જો જલ્સા ગાહમાં પાણી પીવડાવી રહ્યા હતા તો ખીલેલ ચહેરા સાથે કોઇ આવશ્યકતાને પૂછતાં અને આ ફકત વિશેષ અતિથિઓ માટે જ નહી બલ્કે પ્રત્યેક મહેમાન માટે કારકૂનોનો વ્યવહાર હતો તથા આ જ તે વિશેષતા છે સેવાની ભાવનાની જે માત્ર જમાઅત અહમદિયાના પ્રત્યેક કાર્યકર્તાની વિશેષતા છે અને હોવી જોઇએ. આ રીતે આ વિશેષ ભાવનાને પ્રત્યેક કાર્યકર્તાએ હંમેશા જીવિત રાખવું જોઇએ ચાહે તે કોઇ પણ વિભાગમાં સેવા કરી રહ્યો હોય. આપણા જલ્સાના મહેમાન જ્યારે આવે છે તો તેમનો સંપર્ક વિભિન્ન વિભાગોથી હોય છે વ્યવસ્થા કર્તાઓ એ આંહઝરત સ.અ.વ.ની આ વાત યાદ રાખવી જાઇએ કે પોતાના ભાઇ સાથે પ્રસન્નતા પૂર્વક મળો અને આ સદકો છે. પછી એક અવસર પર આ પણ ફરમાવ્યું કે નાની નેકીને પણ તુચ્છ ન સમજો. જાોતાના ભાઇથી શાલીનતાથી મળવું પણ એક નેકી છે જુઓ ઇસ્લામની શિક્ષા કેટલી સુંદર છે.

પછી માર્ગ દેખાડવું પણ, આંહઝરત સ.અ.વ.એ ફરમાવ્યું એક સદકો છે. જે વિભાગ આ કામ માટે નિયુકત છે તેણે પણ આ વાતને ધ્યાન રાખવી જોઇએ કે યાત્રા પર આવેલ યાત્રી સાથે પ્રસન્ન થઇને મળે પછી સહયોગીઓ દ્વારા તેમને તેમના વિશ્રામ સ્થળો પર પહોચાડે. વિશેષ રૂપથી જ્યારે મહિલાઓ અને બાળકો હોય છે.

પછી ભોજનના સમયે મહેમાન નવાઝીનો વિષય છે. તેમાં ભોજન કરાવનાર અફસર અને સહયોગી આ વાતનું ધ્યાન રાખે કે મહેમાનો સાથે પ્રસન્નતા પૂર્વક વ્યવહાર કરવું છે પ્રસન્નતાથી પેશ આવવું મહેમાનનુ અધિકાર છે અને મહેમાની કરનારનું કર્તવ્ય છે ભોજન એક એવી વસ્તુ છે જેમાં ભોજન કરાવનારનો અનુચિત વ્યવહાર અથવા કોઇ ટીપ્પણી તથા કોઇ વાત કહી દેવી મહેમાનની ભાવનાને ઠેસ પહોચાડે છે. આંહઝરત સ.અ.વ.ના સહાબા તો મહેમાનોની સેવા કરતાં સમયે એવા નમૂના દેખાડતાં હતા જે હંમેશા સ્વર્ણ અક્ષરોમાં લખાશે.

અલ્લાહ તઆલાના ફઝલથી હઝરત મસીહ મૌઉદ અ.સ.ની સાથે અલ્લાહ તઆલાના વાયદા અનુસાર દુનિયામાં હવે પ્રત્યેક સ્થાન પર જ્યાં જમાઅતો મજબુત રૂપમાં સ્થાપિત છે લંગર ચાલી રહ્યા છે તથા વિશેષ રૂપમાં જલ્સાના દિવસોમાં તો તેની ખાસ વ્યવસ્થા હોય છે. આપણે તો ફકત એટલી સેવા કરવી છે કે લંગરથી ભોજન લઇને મહેમાન સામે પેશ કરી દેવું છે તથા મહેમાન સામે પ્રસન્નતા પૂર્વક પેશ આવવું છે અને આ વાત થી અલ્લાહ તઆલા ખુશ થઇ જાય છે કે તેણે જલ્સામાં આવનાર, દીન માટે યાત્રા કરીને આવનાર મહેમાનોની સેવા કરી અને જો ઉચિત રૂપથી મહેમાન નવાઝી ન થાય તો અપ્રસન્નતા પણ વ્યકત થાય છે અલ્લાહ તઆલા તરફથી. એક અવસર પર કેટલાક મહેમાનો સાથે વિશેષ વ્યવહાર કરવામાં આવ્યો અને અમુક અતિથિઓ તરફ ધ્યાન ન આપ્યું આ બધા કાર્યો હઝરત મસીહ મૌઉદ અ.સ.ના યુગમાં પણ પ્રબંધ હતો. મહેમાનદારીના કાર્યકર્તા હતા, તેમણે કર્યો તો અલ્લાહતઆલાએ હઝરત મસીહ મૌઉદ અ.સ.ને રાત્રે સૂચના આપી કે રાત્રે દેખાવ કરાવવામાં આવ્યો છે, બનાવટ કરવામાં આવી છે અને ઉચિત રૂપથી મહેમાનોની સેવા કરવામાં નથી આવી અમુક નિર્ધન લોકો ભોજનથી વંચિત રહ્યા છે હઝરત મસીહ મૌઉદ અ.સ.આ વાતથી ખુબ અપ્રસન્ન થયા તથા વ્યવસ્થા પોતાના હાથમાં લઇ લીધી બલ્કે આ પણ લખ્યું કે તે કાર્ય કર્તાઓને છ મહિના સુધી કાદિયાનથી કાઢી મુકયા. માટે જ્યારે આપણે સેવા માટે પોતાને પેશ કરીએ છીએ તો પછી વિના કોઇ ભેદ ભાવ પ્રત્યેકની સેવા કરવી જોઇએ. પ્રત્યેક જલ્સામાં આવનાર મહેમાન જલ્સાનો મહેમાન છે પ્રત્યેક સાથે સદવ્યવહાર કરવું પ્રત્યેક સાથે પ્રસન્નતા પૂર્વક પેશ આવવું એ અનિવાર્ય છે  એન કે અમુક મહેમાન અમીર છે અથવા અમુક વિશેષ છે તેમને ખાસ સ્થાન અને ભોજન આપવામાં આવે અને બીજાને નહી.

પછી સાથે આ દુઆ પણ કરતાં રહેવું જોઇએ કે અલ્લાહ તઆલા અમારી આ તુચ્છ સેવા ને જે હઝરત મસીહ મૌઉદ અ.સ.ના અતિથિઓની અમે કરી રહ્યા છીએ તેને કબુલ કરે અને આપણ કામ પ્રત્યેક પ્રકારના દેખાવથી ખાલી હોય તથા ફકત અલ્લાહ તઆલા માટે હોય. હઝરત મસીહ મૌઉદ અ.સ.ના સમયમાં મહેમાનો  અમુક વાર એટલા વધી જતા કે રહેવા માટે પણ તકલીફ પડતી કેમ કે કાદિયાન નાનકડી વસ્તી હતી પરંતુ હઝરત મસીહ મૌઉદ અ.સ., અલ્લાહ તઆલાના આ ઉપદેશ અનુસાર કે પરેશાન ન થવું અને થાકવું નહી, નિઃસંકોચ તે વખતે જે પણ સુવિધા મહેમાનો માટે ઉપલબ્ધ હોય કરતાં હતા. ઘણી વાર એવા અવસર પણ આવ્યા કે ઠંડીમાં મહેમાનો વધી જવાના કારણે પોતાના અને બાળકોના ગરમ બિસ્તર આપે મહેમાનોને આપી દીધા. એક વાર એટલાં મહેમાન આવ્યા કે હઝરત અમ્માં જાન હઝરત ઉમ્મુલ મોમિનીન ખુબ પરેશાન હતી કે મહેમાન રહેશે કયાં તથા કઇ  રીતે તેમની વ્યવસ્થા થશે ?

પ્રશિક્ષણનો વિભાગ આ દૃષ્ટિથી પણ સક્રિય હોવો જોઇએ કે લોકોને અને જલ્સામાં સામેલ થવા માટે જે લોકો આવે છે તેમને જલ્સાના મહત્ત્વ તરફ ધ્યાન અપાવતાં રહે.નિઃસંદેહ કાર્યકર્તા જ્યારે પોતાને સેવા માટે પેશ કરે છે તો તેની ફરજ છે કે નિઃસ્વાર્થ થઇને કામ કરે અને અલ્લાહ તઆલાના ફઝલથી સામાન્ય રીતે કારકુન, જેવુ કે મેં પહેલાં પણ કહ્યું, આ ભાવનાથી કામ કરે છે પરંતુ અમુક અનુચિત વ્યવહાર પણ બતાવી જાય છે તેમણે હંમેશા આંહઝરત સ.અ.વ. ની આ નસીહત યાદ રાખવી જોઇએ જે મેં પહેલાં પણ બયાન કરી છે કે પ્રત્યેક અવસ્થામાં સુંદર આચરણનું પ્રદર્શન થવું જાઇએ. તેવી જ રીતે પ્રત્યેક કાર્યકર્તાએ સાધારણ રીતે દરેક સમયે સાવધાન પણ રહેવું જોઇએ સિકયોરીટી માત્ર સિકયોરિટી કરનારનું જ કામ નથી બલ્કે પ્રત્યેક વિભાગનુ દરેક કાર્યકર્તા પોતાની આજુ બાજુ ધ્યાન રાખનાર હોવો જોઇએ. કારકુનો એ આ પણ યાદ રાખવું જોઈએ કે જલ્સો સમાપ્ત થયા પછી માત્ર વાઈન્ડઅપ ના જ કારકુન ત્યાં હાજર ન હોય બલ્કે પ્રત્યેક કારકુનએ તે સમય સુધી જલ્સા ગાહમાં રહેવુ જોઇએ જેની પણ ત્યાં ડયૂટી છે જ્યાં સુધી ત્યાં કોઇ મહેમાન મોજૂદ છે અથવા ત્યાં સુધી કે તેના અધિકારી રજા નથી આપી દેતાં કે હવે આપ કામ પૂર્ણ કરી ચુકયા છો જાવ. ખાસ કરીને કારકુનોએ તથા સામાન્ય રૂપથી તમામ લોકોએ પણ આ દુઆ કરવી જોઇએ કે અલ્લાહ તઆલા પ્રત્યેકને સુંદર રીતે પોતાનું દાયિત્વોને નિર્વાહ કરવાની તૌફીક આપે. તમામ કાર્યકાર્તા જે અત્યારે ત્યાં કામ કરી રહ્યા છે જલ્સાગાહમાં, તેમને દરેક પ્રકારે સરક્ષિત રાખે. ઘણી વાર ખુબ ભારી ભારી કામ કરવા પડે છે અને ચોટ વાગવાની

પણ સંભાવના હોય છે. અલ્લાહ તઆલા પ્રત્યેકની દરેક પ્રકારે સુરક્ષિત રાખે.

અલ્લાહ તઆલા જલ્સાને પ્રત્યેક રીતે બરકતી અને સફળ પણ બનાવે, કોઇ પણ વિરોધી અને ખોટી માનસિકતા રાખનારની કુધારણાથી અલ્લાહ તઆલા જમાઅતને સુરક્ષિત રાખે અને અલ્લાહ તઆલા પ્રત્યેક કાર્યકર્તાને સામર્થ્ય પ્રદાન કરે કે તે હઝરત મસીહ મૌઉદ અ.સ.ના જલ્સામાં આવેલ મહેમાનોની સુંદર રીતે સેવા કરતાં રહે તથા શાલીનતા સાથે સેવા પુરી કરતાં રહે.

કાર્યકર્તા જે સેવા કરવાના ઉત્તમ સ્તર પ્રાપ્ત કરેલ છે, જે ઉચ્ચ સ્તર પર તેઓ પહોંચેલ છે,તેનાથી પણ ઉચ્ચતમ સ્તર વારંવાર પેશ કરનાર બને અને આ વખતે પણ પહેલાંથી અધિક સેવા કરનાર બને. તેમાં કદાપી કમી ન થવી જોઈએ, પ્રત્યેક કદમ જે છે આપણું આગળ વધનાર હોવું જોઇએ અને જ્યારે એવી સેવા થાય છે તો અલ્લાહ તઆલા પછી પ્રેમની નજર પણ નાખે છે. અલ્લાહ તઆલા બધાને આની તોફીક આપે.

આમીન.

.............................................................

| Khulasa Khutba Jumma Huzoor Anwar 29 August 2016 |
|---|
| BOOK POST (Printed Matter)<br>To..........................................................................................<br>..........................................................................................<br>..........................................................................................<br>From: Masroor Manzil, Al-Aman society. Narol, Ahmedabad-382405 Gujarat. |